## તમારા સ્થાનિક બોર્ડ ઓફ એજ્યુકેશન ખાતે અર્લી ચાઈલ્ડહુડ ઓફિસનો સંપર્ક કરો.

| | |
|---|---|
| એલિગેની કાઉન્ટી | 301-759-2012 |
| અને એરુન્ડેલ કાઉન્ટી | 410-222-5441 |
| બાલ્ટિમોર સિટિ | 410-396-6602 |
| બાલ્ટિમોર કાઉન્ટી | 410-887-4313 |
| કાલવર્ટ કાઉન્ટી | 410-535-7264 |
| કેરોલિન કાઉન્ટી | 410-479-2896 |
| કેરોલ કાઉન્ટી | 410-751-3048 |
| સેસિલ કાઉન્ટી | 410-996-5424 |
| ચાર્લ્સ કાઉન્ટી | 301-934-7380 |
| ડોરસેસ્ટર કાઉન્ટી | 410-221-1111 |
| ફ્રેડરિક કાઉન્ટી | 301-696-6864 |
| ગેરેટ કાઉન્ટી | 301-334-7645 |
| હારફોર્ડ કાઉન્ટી | 410-588-5252 |
| હાવર્ડ કાઉન્ટી | 301-313-5659 |
| કેન્ટ કાઉન્ટી | 410-810-3903 |
| મોન્ટગોમેરી કાઉન્ટી | 301-230-0691 |
| પ્રિન્સ જ્યોર્જસ કાઉન્ટી | 301-808-2723 |
| ક્વિન એનસ કાઉન્ટી | 410-758-2403 |
| સેન્ટ મેરીસ કાઉન્ટી | 301-475-5511 |
| સોમરસેટ કાઉન્ટી | 410-621-6243 |
| ટેલબોટ કાઉન્ટી | 410-822-0330 |
| વોશીંગ્ટન કાઉન્ટી | 301-766-2955 |
| વિકોમિકો કાઉન્ટી | 410-677-4523 |
| વારસેસ્ટર કાઉન્ટી | 410-632-5042 |

**નેન્સિ એસ. ગ્રેસ્મિક**
*સ્ટેટ સુપ્રિન્ટેન્ડન્ટ ઓફ સ્કુલ્સ*

**ડનબાર બ્રુક્સ**
*પ્રેસિડન્ટ*
*મેરિલેન્ડ બોર્ડ ઓફ એજ્યુકેશન*

**માર્ટિન ઓ'મેલી**
*ગવર્નર*

MARYLAND STATE DEPARTMENT OF EDUCATION
Achievement Matters Most


વધુ માહિતી માટે સંપર્ક કરો:

Maryland State Department of Education
Division of Early Childhood Development
200 W. Baltimore Street, 10th floor
Baltimore, Maryland 21201
MarylandPublicSchools.org

ફોન: 410-767-0602
ફેક્સ: 410-333-6226
ઇ-મેઇલ: mcockey@msde.state.md.us


# મેરીલેન્ડમાં જાહેર પ્રિકિન્ડરગાર્ટન (બાળમંદિર પૂર્વે)

## માતા-પિતાની માર્ગદર્શિકા



## જાહેર પ્રિકિન્ડરગાર્ટન (બાળમંદિર પૂર્વે) શું છે?

જાહેર શાળાઓમાં પ્રિકિન્ડરગાર્ટન, ૪ વર્ષની ઉંમરના માટેનો એક રાજ્ય દ્વારા આપવામાં આવતો નાણાંકીય કાર્યક્રમ છે. જાહેર શાળાઓમાં પ્રિકિન્ડરગાર્ટનનો મુખ્ય ઉદ્દેશ, નાના બાળકોને શીખવાનો અનુભવ આપીને તેઓનું વિવિધ ક્ષેત્રોમાં કૌશલ્ય બનાવવાનું છે જેથી તેઓ શાળામાં સારું કાર્ય કરી શકે. ઉચ્ચ-ગુણવત્તાના પ્રિકિન્ડરગાર્ટન અનુભવો બાળકોને સહાય કરે છે જેથી જ્યારે તેઓ કિન્ડરગાર્ટનમાં પ્રવેશ કરે ત્યારે તેઓ શીખવા માટે સંપૂર્ણપણે તૈયાર હોઇ શકે. આ અનુભવો, વ્યક્તિગત અને સામાજિક વિકાસ, ભાષા અને શિક્ષણ, વૈજ્ઞાનિક વિકાસ, ગાણિતીક વિચારશક્તિ, સામાજિક અભ્યાસ, ફાઇન આર્ટ્સ, શારીરિક વિકાસ અને આરોગ્ય શિક્ષણ પર કેન્દ્રીત હોય છે.



## જાહેર પ્રિકિન્ડરગાર્ટન પ્રોગ્રામ્સનું સંચાલન કેવી રીતે થાય છે?

જાહેર શાળાઓએ પ્રિકિન્ડરગાર્ટન પ્રોગ્રામ્સ માટે નીતિઓ બનાવવી જોઇશે જે રાજ્યના નિયમોને અનુસરે. એક પ્રિકિન્ડરગાર્ટન પ્રોગ્રામ સામાન્ય રીતે એક સવારના અડધાં દિવસનો અથવા બપોરના અડધાં દિવસનો પ્રોગ્રામ હોય છે. વર્ગ ૨.૫ કલાકનો હોય છે અને તે શાળા વર્ષ દરમિયાન અઠવાડિયાંના ૫ દિવસ કાર્યરત હોય છે. દરેક વર્ગમાં સરેરાશ ૨૦ બાળકો હોય છે. દરેક વર્ગમાં એક રાજ્ય-પ્રમાણિત અર્લી ચાઇલ્ડહુડ શિક્ષક અને એક લાયક પૂર્ણ-સમય માટેના સહાયક આપવામાં આવે છે. પ્રિકિન્ડરગાર્ટન પ્રોગ્રામ્સે, રાજ્યના અભ્યાસક્રમના ધોરણો પૂર્ણ કરવા જોઇશે. માતા-પિતા અને શિક્ષકો, દરેક બાળકના વિકાસ અંગે નિયમિત ચર્ચા કરે છે. શાળા વ્યવસ્થાઓને સામુદાયિક બાળ સંભાળ પ્રદાનકર્તાઓ જોડે ભાગીદારી કરવા માટે પણ પ્રોત્સાહન આપવામાં આવે છે. તમારા સમુદાયમાં પ્રિકિન્ડરગાર્ટન પ્રોગ્રામ અંગેની વધુ માહિતી માટે, તમારા સ્થાનિક શાળા વ્યવસ્થાની અર્લી ચાઇલ્ડહુડ ઓફિસને કોલ કરો. (આ બ્રોશરની પાછળ જૂઓ).



## પ્રિકિન્ડરગાર્ટન માટે કોણ લાયક હોય છે?

જાહેર શાળાના પ્રિકિન્ડરગાર્ટન માટે લાયકાત ધરાવવા, જ્યારે બાળકોના પરિવારો તેઓને ચાલુ કરાવવા ઇચ્છે તે શાળાના વર્ષે સપ્ટેમ્બર ૧ ના રોજ કે તે પહેલાં બાળકની ઉંમર ૪ વર્ષની હોવી જોઇએ. તેઓ આર્થિક રીતે નબળાં હોય તેવા અથવા નિરાશ્રિતોના પરિવારોમાંથી હોવા જોઇએ. આર્થિક રીતે નબળાં હોય તેવા તમામ વિદ્યાર્થીઓને પહેલાં દાખલ કરવામાં આવશે, અને ત્યાર પછી જો જગ્યા રહેશે તો જાહેર શાળાઓ એવા બાળકોને દાખલ કરી શકશે જેઓ આર્થિક રીતે નબળાં ન હોય પરંતુ જેમને શાળામાં જવા માટે તૈયાર થવાની જરૂર હોય.

